
ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



### 65 ગામોના બે લાખ લોકો આજે પણ શુદ્ધ પાણીથી વંચિત

# કરમાદી પાણી યોજના : ઉદ્ઘાટનની રાહમાં અટવાઈ

## રૂ. 105 કરોડની યોજના પૂર્ણ હોવા છતાં ત્રણ તાલુકામાં પાણી વિતરણ શરૂ નહીં



### ૩૪૯ કિમી પાઈપલાઈન નેટવર્ક તૈયાર છતાં ઉદ્ઘાટનના અભાવે યોજના અટકી

(પ્રતિનિધિ) સિંગવડ તા.27

સિંગવડ તાલુકાના કરમાદી ગામે રૂ. ૧૦૫ કરોડના ખર્ચે તૈયાર કરાયેલી જૂથ પાણી પુરવઠા યોજના ઉદ્ઘાટનની રાહ જોઈ રહી હોવાથી ત્રણ તાલુકાના અંદાજિત બે લાખથી વધુ લોકો આજે પણ પીવાના શુદ્ધ પાણીથી વંચિત હોવાનું સ્થાનિક સ્તરે ચર્ચાઈ રહ્યું છે.

કડાણા બલ્ક પાઈપલાઈન આધારિત લીમખેડા જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત સિંગવડ તાલુકાના ૧૮ ગામ, લીમખેડા તાલુકાના ૫૩ ગામ અને ઝાલોદ તાલુકાના ૪ ગામ સહિત કુલ ૬૫ ગામોની અંદાજિત ૨,૧૦,૦૦૦ વસ્તીને શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવા માટે ૨૦.૭૦ એમએલડી ક્ષમતાવાળો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ૬૭ સંપ, ૪૦ પાણીની ટાંકીઓ અને ૪૪ કિમી ડીઆઈ પાઈપલાઈન બિછાવવાનું કામ હાથ ધરાયું હતું.

આ વિકાસકાર્યનું ખાતમુહૂર્ત તા. ૨૫-૦૩-૨૦૨૩ના રોજ દાહોદ જિલ્લાના સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા કરવામાં આવ્યું હતું. કામ પૂર્ણ કરવાની સમયમર્યાદા તા. ૦૪-૦૨-૨૦૨૪ નક્કી કરવામાં આવી હતી. આધારભૂત સૂત્રો મુજબ એજન્સીએ કામગીરી સમયસર પૂર્ણ કરી દીધી હોવા છતાં આજદિન સુધી યોજના શરૂ કરવામાં આવી નથી.

ઉલ્લેખનીય છે કે ૩૪૯ કિલોમીટર લાંબી પાઈપલાઈનનું નેટવર્ક પણ તૈયાર છે, છતાં ઉદ્ઘાટનના અભાવે ત્રણેય તાલુકાના લોકો સુધી પાણી પહોંચતું નથી. ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ શુદ્ધ પીવાના પાણી માટે લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

સ્થાનિકોમાં અસંતોષ વ્યક્ત થઈ રહ્યો છે કે આઝાદીના ૭૮ વર્ષ બાદ પણ મૂળભૂત સુવિધા જેવી કે પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ ન થવું ચિંતાજનક બાબત છે. લોકો હવે સ્પષ્ટપણે કહી રહ્યા છે – "અમને ઈંતેજારી નહીં, શુદ્ધ પાણી જોઈએ."

### કાલોલના કસ્બા વિસ્તારમાં અગાઉ છેડતી કરનાર બે ઈસમોના જામીન રદ

# કાલોલ કસ્બા વિસ્તારમાં છેડતી કરનાર ઈસમોનો ઈંટો અને પથ્થરોથી હુમલો

(પ્રતિનિધિ) કાલોલ તા.27

કાલોલ ઓડ ફળિયાના રસ્તા પાસે જુમ્મા મસ્જિદ ચોકડી પાસે વીસેક દિવસ પહેલા મહિલાની છેડતી કરવામાં આવી હતી જેની ફરિયાદ મહિલાએ બે ઈસમો સામે કાલોલ પોલીસ સ્ટેશન માં નોંધાવી હતી જેની અદાવતે મહિલાના ભાઈને ઈન્સ્ટાગ્રામ ઉપર આરોપીએ ધમકી આપી હોવાનું પણ બહાર આવ્યું છે આ બનાવની અદાવતે કાલોલ કસ્બા વિસ્તારમાં ગુરુવારે મોડી રાત્રે નૂરાની ચોક પાસે થી પસાર થતાં સમીરભાઈ મકબુલભાઈ બેલીમ ને મોઈનભાઈ રફિકભાઈ બેલીમ તથા તુફેલખાન ઈકબાલ ખાન પઠાણ દ્વારા પોલીસ ફરિયાદની અદાવતે તેઓની ગાડી જાણી જોઈને અથડાવી દઈ કહ્યું કે તારી બહેન પાસે અમારી સામે ફરિયાદ કરાવી છે તો તમે અને પોલીસે અમારું શું ઉખેડી લીધું એમ કહી ગંદી ગાળો બોલી આજે તો તમને છોડવાના નથી એમ કહેતા સમીરભાઈ ગભરાઈ ગયા હતા અને તેઓના કાકા રજાકભાઈ ના ઘર તરફ જતા રહ્યા હતા અને કાકા ને આ બાબતે જાણ કરતા તેઓના કાકા ઘરે મૂકવા જતા હતા તે સમયે આગળ તુફેલખાન અને મોઈનભાઈ દ્વારા અન્ય ઈમોને બોલાવી દઈ હુમલો કર્યો તે સમય દરમિયાન રૂબીનાબેન રજાકભાઈ કપાળના ભાગે પથ્થર વાગતા લોહી નીકળ્યું હતું સમગ્ર બાબતે પાંચ મહિલાઓ સહિત 16 ઈસમોના નામ જોગ લેખિત ફરિયાદ કાલોલ પોલીસ માટે આપવામાં આવી છે. જોકે પોલીસ એ ઘટના સ્થળ ઉપરથી મોઈનભાઈ રફિકભાઈ બેલીમ અને તુંફેલખાન ઈકબાલભાઈ પઠાણને અટકાયતમાં લીધા હતા.

આ બંનેની અટકાયત કરવામાં આવતા તેમના સગા સંબંધીઓ અને ઓળખીતા મિત્રો દ્વારા આજ રોજ શુક્રવારે સવારે સુનેન મકબુલભાઈ બેલીમને રસ્તામાં રોકી હુમલો કરવાની પ્રયત્ન કરતા તેઓ દોડીને નજીકમાં આવેલ કાલોલ પોલીસ સ્ટેશનમાં ભાગી ગયા હતા સમગ્ર બનાવવાની રજાકભાઈ બેલીમ દ્વારા કાલોલ પોલીસ મથકે લેખિતમાં બે મહિલા સહિત ૧૭ ઈસમો સામે નામજોગ ફરિયાદ આપી છે. અટકાયત કરાયેલા બંને ઈસમોના જામીન રદ કરાયા છે.

### કાલોલના કસ્બા વિસ્તારમાં અગાઉ છેડતી કરનાર બે ઈસમોના જામીન રદ

# સુખસર નગરમાં રામનવમી નિમિતે શોભાયાત્રા યોજાઈ, ભક્તોનું ઘોડાપૂર

(પ્રતિનિધિ) સુખસર,તા.27

સુખસરમાં રામ નવમી નિમિતે "રામ શોભાયાત્રા" ભવ્ય અને ભક્તિમય વાતાવરણમાં ઊજવાઈ હતી. મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામના જન્મોત્સવ પ્રસંગે સમગ્ર નગરમાં ધાર્મિક ઉત્સાહ છવાયો હતો. કાર્યક્રમ મુજબ બપોરે 12 વાગ્યે રામ જન્મોત્સવ ઉજવાયો હતો.જ્યારે સાંજે 6 વાગ્યે દયાળુ હનુમાનજી મંદિરથી શોભાયાત્રા પ્રસ્થાન કરી હતી.આ શોભાયાત્રા પંચાયત ચોક,પંચાલ ફળિયા,પોલીસ સ્ટેશન,પીપળી ચોક અને બસ સ્ટેશન જેવા મુખ્ય માર્ગો પરથી પસાર થઈ પરત દયાળુ હનુમાનજી મંદિર ખાતે આવી સમાપન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં ભજન-કીર્તન, જયઘોષ તેમજ ડી.જે ના તાલે ભક્તો ઉત્સાહભેર જોડાયા હતા.રસ્તામાં સેવા ભાવિ ભક્તો દ્વારા ઠેર ઠેર પાણીની વ્યવસ્થા તેમજ આઈસક્રીમનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનાથી સેવા ભાવના સુંદર દ્રશ્ય જોવા મળ્યા હતા. તે ઉપરાંત બહેનો દ્વારા પોતાના ઘરમાંથી અક્ષતની વાટકી



ભરીને રથમાં અર્પણ કરવામાં આવતું દ્રશ્ય પણ ભક્તિ અને શ્રદ્ધાનો અનોખુ ઉદાહરણ બન્યું હતું.અંતે દયાળુ હનુમાનજી મંદિર પર મહા આરતી કરવામાં આવી હતી. અને ભક્તોને પ્રસાદ વિતરણ કર્યા બાદ શોભાયાત્રા પૂર્ણ કરવામાં આવી હતી. નગરજનો અને આસપાસના ગામોના લોકોએ સહપરિવાર ઉપસ્થિત રહી કાર્યક્રમને ભવ્યતા આપી હતી.વેપારીઓએ પણ સ્વેચ્છાએ પોતાના ધંધા રોજગાર બંધ રાખી શોભાયાત્રામાં ભાગ લીધો હતો. સુખસર પ્રખંડ સમિતિના આયોજન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમ શાંતિપૂર્ણ રીતે સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો અને સમગ્ર નગર ભક્તિમય બની ગયું હતું.

## દાહોદ જિલ્લામાં પોર્ટેબલ એક્ષ-રે દ્વારા ટીબી તપાસ કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.27

દાહોદ જિલ્લાના ઝાલોદ, લીમખેડા, દાહોદ, ગરબાડા, ધાનપુર અને દેવગઢ બારિયા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના વિવિધ ગામોમાં ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત પોર્ટેબલ એક્ષ-રે મશીન દ્વારા ટીબી તપાસ માટે વિશેષ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ કેમ્પ દરમિયાન વનરેબલ પોપ્યુલેશન ટીબી સર્વે અંતર્ગત કુલ 883 ટીબીના જોખમ ધરાવતા શંકાસ્પદ લાભાર્થીઓનું પોર્ટેબલ એક્ષ-રે દ્વારા સ્ક્રીનિંગ કરવામાં આવ્યું.જેમા એક્ષ-રેમાં એબ્નોર્મલ પરિણામ ધરાવતા લાભાર્થીઓની આગળની NAAT તપાસ હાથ ધરવામાં આવશે અને જરૂરિયાત મુજબ તાત્કાલિક સારવાર શરૂ કરવામાં આવશે.

### ભવ્ય શોભાયાત્રા સહિત ભવ્ય ભંડારાનું આયોજન કરાયું

# છોટાઉદેપુર ખાતે રામજન્મોત્સવ ભક્તિભાવથી ઉજવવામાં આવ્યો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર,તા.27

છોટાઉદેપુર નગર ખાતે પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ રામનાં જન્મોત્સવ નિમિત્તે વિવિધ કાર્યક્રમો નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રામ નવમીની પૂર્વ સંધ્યા એ રામભક્તો દ્વારા બાઈક રેલી અને સંગીતમય સુંદરકાંડ ના પાઠ નું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે આજ રોજ ભગવાન રામની પૂજા-અર્ચના કરી બપોરે 12 કલાકે ગોરા રામજી મંદિર ખાતે મહાઆરતી કરવામાં આવી હતી અને બપોરે પછી પ્રભુ રામની મૂર્તિ અને પંથકના સાધુ સંતો મહંતો સાથે ભવ્ય શોભાયાત્રા ગોરા રામજી મંદિરના ચોક માંથી નીકળી હતી. નગરના ધર્મપ્રેમી ભક્તો દ્વારા રામજી ની આરતી કરી ફૂલડે વધાવવામાં આવ્યા હતા. શોભાયાત્રા નગરના મુખ્ય માર્ગો પર ફરી પરત રામજી મંદિર ખાતે પહોંચી હતી જ્યાં શોભાયાત્રામાં મોટી સંખ્યામાં જોડાયેલા સનાતન હિંદુ ધર્મનાં ભક્તોએ પ્રભુ રામની સમૂહ આરતી કરી ધન્યતા અનુભવી હતી. શોભાયાત્રા દરમિયાન "જય રામ"નાં ગુંજતા નાદ સાથે સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. રામ ભક્તો દ્વારા D.J ઢોલ-નગારાનાં તાલે નાના ભૂલકાઓ થી માડી યુવક યુવતીઓ અને આબાલ વૃદ્ધ સૌ કોઈ ઝુમી ઉઠી ઉત્સવને ભક્તિમય બનાવ્યો હતો. શોભાયાત્રાનાં માર્ગ માં સ્થાનિક આગેવાનો દ્વારા ઠંડા પીણા પાણી અને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. આજે સમગ્ર છોટાઉદેપુર નગર ધાર્મિક રંગમાં રંગાઈ ગયુ હતુ.



## દાહોદ જિલ્લામાં પોર્ટેબલ એક્ષ-રે દ્વારા ટીબી તપાસ કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ) સાવલી,તા.27

સાવલી તાલુકાના ટુંડાવ ગામે સૂફી સંત સૈયદ મુર્તઝાઅલી દાદા ની ૫૫૦ વર્ષ જૂની અને ભારે પૌરાણિક દરગાહ આવેલી છે સમગ્ર પંથકના હિન્દુ મુસ્લિમો માટે આ દરગાહ આસ્થા ના કેન્દ્ર સમાન છે મોહમ્મદ પયગંબર સાહેબના વંશજ અને મૂળ બગદાદના રહેવાસી સૈયદ મુર્તઝા અલી દાદા નું સમગ્ર જીવન માનવ કલ્યાણ જીવ માત્ર દયાને પાત્ર અને ગૌપાલન અને સાદગી ભર્યું જીવન ગુજાર્યું હતું પોતાના જીવનકાળ માં પયગંબર સાહેબના જીવન સિધ્ધાંતો તેમજ કુરાને શરીફ મૂલ્યો નું અનુકરણ કરીને પ્રભુભક્તિમાં જીવન વ્યતિત કર્યું હતું અને નાત જાતના ભેદભાવ વગર માનવસેવા માં ગુજાર્યું હતું ટુંડાવ ગામે આવેલી આ દરગાહ ખાસ કરીને નિઃસંતાન મહિલા ઓ ની આસ્થાનું કેન્દ્ર છે.

### ગગનચુંબી જયઘોષથી સમગ્ર વાતાવરણ રામમય બન્યું

# કાલોલ ખાતે રામનવમીની શોભાયાત્રા દરમિયાન માનવ મહેરામણ ઊમટ્યું

(પ્રતિનિધિ) સુખસર,તા.27

કાલોલ હિન્દૂ સંગઠનના કાર્યકરો દ્વારા પાછલા અનેક વર્ષોથી ભગવાન રામના જન્મદિન ને એક મહા ઉત્સવ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે, ત્યારે ચાલુ વર્ષે પણ આ મહા ઉત્સવની ઉજવણી અત્યંત રંગેચંગે કરવામાં આવી હતી. રામ જન્મદિન ઉજવણી અનુસંધાને કાલોલ ખાતે દિવસ દરમ્યાન રામધૂન, મહાઆરતી, ધર્મસભા તેમજ શોભાયાત્રા જેવા વિવિધ કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું રામજી મંદિર ખાતે આરતી કરી ત્યાથી પાલખી યાત્રા નીકળી મહાલક્ષ્મી ચોક મા આવી પહોંચી હતી જ્યાં હિંદુ યુવા સંગઠન દ્વારા સંતો નુ સ્વાગત કરવામાં આવ્યુ અને દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યુ

મહાલક્ષ્મી ચોક ખાતે યુવા વૈષ્ણવાચાર્ય પૂ. પા. ગો. 108 અભિષેકકુમારજી મહારાજ (મથુરા - રાજકોટ - કાલોલ) અને સંત વિક્રમદાસજી મહારાજ ની પ્રેરક સાનિધ્યમાં આયોજિત ધર્મસભામાં આશીર્વચનો થી ઉપસ્થિત ભક્ત સમુદાય ભાવવિભોર બન્યો હતો. ડીજે ના સૂર તાલ સાથે મોડી સાંજે આયોજિત વિશાળ શોભાયાત્રામાં કાલોલ નગર તેમજ તાલુકા પંથકના કેસરિયા પરિધાનમાં સજ્જ હજારો રામ ભક્તો જોડ્યા



હતા.શોભાયાત્રા દરમ્યાન રામ દરબારની નવીન પ્રતિમા ની પાલખી યાત્રા આકર્ષણનું કેન્દ્ર રહી હતી સાથે સાથે હજારો રામ ભક્તોના ગગનચુંબી જયઘોષથી સમગ્ર વાતાવરણ રામમય બન્યું હતું. રામનવમી ઉજવણીના ઉપલક્ષમાં આયોજિત આ શોભાયાત્રાના મુખ્ય માર્ગો સમેત કાલોલના તમામ જાહેર માર્ગો અને સનાતન હિન્દુ મંદિરોને કેસરિયા ધજા - પતાકા સાથે આકર્ષક રોશનીથી સુશોભિત કરવામાં આવ્યા હતા. નગરપાલિકા ખાતે લેસર શો નું આયોજન કરવામાં આવ્યું હતુ.શોભાયાત્રા રૂટ પરના તમામ વેપારી સંગઠનોએ સ્વૈચ્છિક બંધ પાળી પોતાની સેવાઓ આપી હતી.

### રેલવેના 'લોકાર્પણ'ના નામે જનતા સાથે મજાક

# ડભોઈ-કરજણ ટ્રેન માત્ર 24 કલાકમાં જ પાટા પરથી ઉતરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.27

રેલવે પ્રશાસન અને સ્થાનિક રાજકીય નેતાઓ દ્વારા જે ટ્રેનને મોટા ઉપાડે લીલી ઝંડી આપી, હારતોરા કરી લોકાર્પણ કરવામાં આવ્યું હતું, તે ડભોઈ-કરજણ ટ્રેનનો ઉત્સાહ 24 કલાકમાં જ ઓગળી ગયો છે. ઉદ્ઘાટન બાદ બીજા જ દિવસથી આ ટ્રેન અચાનક બંધ કરી દેવામાં આવતા મુસાફરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ કરી રહ્યા છે કે શું આ સુવિધા માત્ર નેતાઓના ફોટો સેશન અને ક્રેડિટ મેળવવા પૂરતી જ સીમિત હતી ? તાજેતરમાં વડોદરા-ડભોઈ-કરજણ ટ્રેનનો અત્યંત દબદબાભેર પ્રારંભ કરવામાં આવ્યો હતો. સ્થાનિક નેતાઓએ લીલી ઝંડી બતાવી ત્યારે એવા દાવા કરવામાં આવ્યા હતા કે આ ટ્રેન વિસ્તારના વિકાસની ધરી બનશે. પરંતુ આ દાવા પોકળ સાબિત થયા છે. મુસાફરો જ્યારે આશા સાથે સ્ટેશને પહોંચ્યા ત્યારે ખબર પડી કે ટ્રેન તો રદ કરવામાં આવી છે. નેતાઓ ક્યાં ગયા ? આ સવાલ આજે ડભોઈ અને કરજણના રેલવે પ્લેટફોર્મ પર ગુંજી રહ્યો છે. ઉદ્ઘાટન સમયે સ્ટેજ ગજવનારા નેતાઓ હવે મુસાફરોની હાલાકી સમયે ભૂગર્ભમાં ઉતરી ગયા હોય તેવું જણાય છે. સ્થાનિક લોકોમાં એવી ઉગ્ર ચર્ચા છે કે જો રેલવે પાસે પૂરતા સંસાધનો કે આયોજન નહોતું, તો ઉતાવળે ઉદ્ઘાટન કરવાની જરૂર શું હતી ? શું આ ટ્રેન માત્ર સરકારી આંકડાઓ અને કાગળ પર જ દોડાવવાની હતી ? ટિકિટ બારી પર જઈને જ્યારે મુસાફરોને ટ્રેન બંધ હોવાની જાણકારી મળે છે, ત્યારે તેમની મજાક ઉડાવવામાં આવતી હોય તેવો અનુભવ થાય છે.

### મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને નાગરિકો જોડાયા

# હાલોલની વી. એમ. સ્કૂલ ખાતે ભવ્ય 'યોગ શિબિર'નો મંગલ પ્રારંભ કરાયો

આજથી વી. એમ. સ્કૂલ, હાલોલના મેદાનમાં 7-દિવસીય ભવ્ય યોગ શિબિરનો અત્યંત ઉત્સાહ અને ઉમંગ સાથે પ્રારંભ થયો છે. આ શિબિરના પ્રથમ દિવસે આદરણીય લક્ષ્મણભાઈ ગુરુવાણીજીના માર્ગદર્શન હેઠળ 600થી વધુ વિદ્યાર્થીઓ, વાલીઓ અને નગરજનોએ વહેલી સવારે 5:30 થી 7:30 દરમિયાન યોગના પાઠ ભણ્યા હતા. લક્ષ્મણભાઈગુરુવાણીજીનું તા. 28 માર્ચ તેમજ 1 અને 2 એપ્રિલના રોજ યોગ શિબિરનું સંચાલન લક્ષ્મણભાઈ ગુરુવાણીજી દ્વારા કરવામાં આવશે. આ શિબિરના મુખ્ય આકર્ષણ રૂપે 29 માર્ચથી 31 માર્ચ દરમિયાન બાબા રામદેવના પ્રિય શિષ્ય અને પતંજલિ યોગપીઠ ઈન્ડિયાના મુખ્ય



કેન્દ્રીય પ્રભારી પૂજ્ય સ્વામી ડો. પરમાર્થદેવજી હાજર રહેશે. આ ત્રણ દિવસ દરમિયાન સમગ્ર ગુજરાતમાંથી હજારોની સંખ્યામાં યોગપ્રેમીઓ ઉમટી પડશે અને સામૂહિક યોગ સાધના કરશે. સવારે 5:30 થી 7:30 વી. એમ. સ્કૂલ ગ્રાઉન્ડ, હાલોલ ખાતેઆ ભવ્ય આયોજનમાં જોડાઈને સ્વાસ્થ્ય અને શાંતિનો લાભ લેવા હાલોલ તેમજ આજુબાજુની ની જનતાને યોગ શિબિર માં જોડાવા સર્વને જાહેર અપીલ કરવામાં આવી છે.

### ઓનલાઈન અરજી મગાવવામાં આવી

# પંચમહાલમાં ખેડૂતો માટે વિવિધ સહાયના ફોર્મ ભરાવવાનું શરૂ

(પ્રતિનિધિ) સુખસર,તા.27

પંચમહાલ જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂતો માટે વર્ષ ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે બાગાયત વિભાગની વિવિધ સહાયકારી યોજનાઓનો લાભ લેવા માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. અરજી કરવાની સમયમર્યાદાઃ ૨૭/૦૩/૨૦૨૬ થી ૨૬/૦૪/૨૦૨૬ સુધીમાં આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ (https://ikhedut.gujarat.gov.in) પર ઓનલાઈન કરવાની રહેશે.ખેડૂતોએ ગ્રામ પંચાયત ખાતેના ઈ-ગ્રામ સેન્ટર પર VCE મારફત અથવા ઈન્ટરનેટના માધ્યમથી જાતે નોંધણી કરાવી શકશે.

આ યોજના અંતર્ગત કૃષિ યાંત્રિકીકરણ, હાઈબ્રિડ શાકભાજી વાવેતર, પ્રાકૃતિક ખેતી, શાકભાજીના માંડવા (કાચા-પાકા), સ્વરોજગારલક્ષી નર્સરી, પેકિંગ યુનિટ, વિવિધ ફળપાકો (આંબા, જામફળ, ટીસ્યુ કલ્ચર કેળ, કમલમ), મધમાખી પાલન, ગ્રીન હાઉસ/નેટ હાઉસ સહાય અને મહિલાઓ માટેની તાલીમ જેવા અનેક ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.અરજી પ્રક્રિયા અને જરૂરી સૂચનાઓમાં નવા અને જૂના નોંધાયેલા તમામ ખેડૂતોએ પોર્ટલ પર આધાર ઓથેન્ટિકેશન ફરજિયાતપણે કરવાનું રહેશે.ઓનલાઈન અરજી કર્યા બાદ જરૂરી કાગળો અપલોડ કરી અરજી કન્ફર્મ કરવાની રહેશે. અરજીની પ્રિન્ટ ખેડૂતોએ પોતાની પાસે રાખવાની રહેશે.

## દાહોદ જિલ્લાના ખેડૂતો માટે આઈ ખેડૂત ૨.૦ પોર્ટલ ખુલ્લુ મુકાયું

(પ્રતિનિધિ) દાહોદ, તા.27

દાહોદ જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂતોને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિવિધ ૯૫ સહાયલક્ષી યોજનાઓમાં લાભ લેવા માટે વિવિધ ઘટકો જેવા કે શાકભાજી પાકો વાવેતર, ફળ પાક વાવેતર આંબા, ટીશ્યુ કેળ, ટીશ્યુ ખારેક, કમલમ, પપૈયા, નાળિયેરી, જામફળ, લીંબુ, દાડમ વગેરે, ફળપાક પ્લાન્ટીંગ મટીરીયલ, શાકભાજીની પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી વાવેતર, સરગવાની ખેતી, દાંડી ફૂલો, કંદ ફૂલો, સ્વરોજગારલક્ષી નર્સરી, બાગાયતી યાંત્રીકરણ માં મીની ટ્રેક્ટર જેવા વિવિધ ખેતી સાધનો, મહિલા વૃતિકા વગેરે માટે તા.૨૭/૦૩/૨૦૨૬ થી તા.૨૬/૦૪/૨૦૨૬ સુધી આઈ ખેડૂત ૨.૦ પોર્ટલ ખુલ્લુ મૂકાયું છે.

### મોટી સંખ્યામાં ભક્તોએ વિધિમાં ભાગ લઇ ધન્યતા અનુભવી

# પાવાગઢમાં ચૈત્રી નવરાત્રિ નિમિત્તે માતાજીના જવારાનું વિસર્જન કરાયું

(પ્રતિનિધિ) હાલોલ,તા.27

ભક્તિમય માહોલ વચ્ચે માચી દુધિયા તળાવ ખાતે જવારા વિસર્જન કરાયા. પંચમહાલ જિલ્લાના પવિત્ર યાત્રાધામ પાવાગઢ ખાતે ચૈત્રી નવરાત્રિના પાવન પ્રસંગે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભારે શ્રદ્ધાભાવ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. નવ દિવસ સુધી ચાલતા આ ઉત્સવ દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો માતાજીના દર્શન માટે ઉમટી પડ્યા હતા, અને દરરોજ ભક્તિ અને આરાધનાનો માહોલ છવાયેલો રહ્યો. નવરાત્રિના પ્રારંભે પરંપરાગત રીતે જવારા વાવવામાં આવે છે, જેને નવ દિવસ સુધી પૂજવામાં આવે છે. આ



જવારા શ્રદ્ધા, સમૃદ્ધિ અને માતાજી પ્રત્યેની ભક્તિનું પ્રતિક માનવામાં આવે છે. નવરાત્રિના અંતિમ દિવસે એટલે કે નોમના દિવસે આ જવારાનું વિધિવત્ વિસર્જન કરવામાં આવે છે. આજે નોમના પવિત્ર દિવસે પાવાગઢ ખાતે જવારા વળાવવાની વિધિ ભવ્ય રીતે યોજાઈ હતી. ઢોલ-નગારા, શંખધ્વનિ અને માતાજીના જયઘોષ સાથે સમગ્ર પર્વત વિસ્તાર ભક્તિમય બની ગયો હતો. મોટી સંખ્યામાં ભક્તોએ આ વિધિમાં ભાગ લઈ આધ્યાત્મિક આનંદ અનુભવ્યો હતો.

## ઝાલોદ ખાતે ભૂલકાઓની પોષણ સંગમ અંતર્ગત આરોગ્ય તપાસ કરાવવામાં આવી

દાહોદઃ-જિલ્લા વિકાસ અધિકારી સ્મિત લોઢા અને જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ઈરાબેન ચૌહાણના માર્ગદર્શન હેઠળ આજરોજ સી.ડી.પી.ઓ નીલુબેન દ્વારા ઝાલોદ તાલુકાના ઘટક ૧ ના ઘણા લાંબા સમય થી વજન ઊંચાઈ માં ફેરફાર થતા ના હોવાના કારણે પોષણ સંગમ અંતર્ગત બાળરોગ નિષ્ણાત પાસે થી ૧૦ બાળકોની આરોગ્ય તપાસ કરાવવામાં આવી હતી. અતિ કુપોષિત બાળકોનુ પીડીયાટ્રિશિયન ડોક્ટર પાસે બાળકોની તપાસ કરાવવામાં આવી હતી.

### જાહેર નોટીસ

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં

કેસ.નં.૫૦૩/૨૦૨૫ તા.૦૫/૦૩/૨૦૨૬

**અરજદારઃ** રાઠોડ પર્વતભાઇ દેવાભાઇ રહે.ગરબાડા(ગુંગરડી), તા.ગરબાડા, જિ.દાહોદ

**સામાવાળા** તલાટી કમ મંત્રીશ્રી,ગરબાડા(ગુંગરડી),તા.ગરબાડા, જિ.દાહોદ

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટના અરજદારશ્રી રાઠોડ પર્વતભાઇ દેવાભાઇના પુત્ર રાઠોડ અનીલકુમાર પર્વતભાઇનો જન્મ તા.૦૯/૦૧/૨૦૦૬નારોજ ગામ. ગરબાડા,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે,જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર ધ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ગરબાડા,તા.ગરબાડા,જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઇસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

**તારીખ :** ૦૫/૦૩/૨૦૨૬
**સ્થળ :** ગરબાડા

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડા**